અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના
નિર્માણ અને મરામત માટે આર્થિક સહાય
બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-બનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૭/૨૦૧૭

સંદર્ભઃ-(૧)સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨/૦૬/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃબનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ

(૨)સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫/૧૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃબનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ

(૩)સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃબનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ

(૪)સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭/૦૮/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ-બનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ

(૫)સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ-બનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ

<u>પ્રસ્તાવનાઃ-</u>

ગુજરાતની પરંપરાઓનું યોગ્ય જતન કરવાની દિશામાં, અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં વસતા ગુજરાતીઓ સાથે જીવંત સંપર્ક સેતુ જાળવી રાખવા અને ગુજરાત સરકાર અને બિન નિવાસી ગુજરાતીઓના પરસ્પરના સહયોગ દ્વારા વિવિધ ક્ષેત્રે વિકાસ પ્રક્રિયામાં એક મેકના પૂરક બની રહેવાય તે હેતુથી સામાન્ય વહીવટ વિભાગ હેઠળ બિન નિવાસી ભારતીયોના પ્રભાગની રચના કરવામાં આવેલ છે. તેના ભાગ રૂપે આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક(૧) થી (૪) ના ઠરાવોથી ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક(૫) આગળના તા.૦૧/૦૪/૨૦૧૫ ના ઠરાવથી સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ.૨૦.૦૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૨૫ ટકા બે માંથી જે ઓછુ હોય તેટલી રકમ નક્કી કરવામાં આવેલ તથા હયાત સમાજ ભવનના મરામત(રીપેરીંગ) માટે સહાય આપવાની કોઈ જોગવાઈ ન હોઈ તે હેતુ માટે વધુમાં વધુ રૂ. ૫.૦૦ લાખ સુધીની સહાય અથવા ખરેખર થયેલ ખર્ચના ૨૫ ટકા બે માંથી જે ઓછુ હોય તેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ. અન્ય રાજ્યોમાં આવેલ ગુજરાતી સમાજ સંસ્થાઓ તરફથી સહાયમાં વધારો કરવાની થયેલ રજૂઆત તથા બાંધકામના ખર્ચમાં થઈ રહેલ વધારાને ધ્યાનમાં લઈને સહાયની ઉક્ત રકમમાં

વધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી, જે અન્વયે કાળજી પૂર્વકની વિચારણાને અંતે હવે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

**૧. અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/ખરીદી/વિસ્તરણના હેતુ માટે સહાયની યોજના:**

અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/ખરીદી/વિસ્તરણના હેતુ માટે હાલ વધુમાં વધુ રૂ. ૨૦.૦૦ લાખ (રુપિયા વીસ લાખ) સુધીની સહાય અથવા ખરેખર ખર્ચના ૨૫ ટકા બે માંથી જે ઓછું હોય તે રકમ મંજુર કરવામાં આવે છે, આ રકમમાં વધારો કરીને હવે વધુમાં વધુ રૂ.૨૨.૦૦ લાખ (રુપિયા બાવીસ લાખ) ની સહાય અથવા ખરેખર ખર્ચના ૨૫ ટકા બે માંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૨. ગુજરાતી સમાજ ભવનના મરામત, સમારકામ કે નવીનીકરણ માટે સહાયની યોજના:**

અન્ય રાજ્યોની ગુજરાતી સમાજ સંસ્થાઓને તેમના હયાત સમાજ ભવનના મરામત, સમારકામ કે નવીનીકરણ(Repair/Renovation) ના હેતુ માટે હાલ વધુમાં વધુ રૂ. ૦૫.૦૦ લાખ (રુપિયા પાંચ લાખ) સુધીની સહાય અથવા ખરેખર ખર્ચના ૨૫ ટકા જે ઓછું હોય તે રકમ મંજુર કરવામાં આવે છે, આ રકમમાં વધારો કરીને હવે વધુમાં વધુ રૂ.૦૬.૦૦ લાખ (રુપિયા છ લાખ) ની સહાય અથવા ખરેખર ખર્ચના ૨૫ ટકા બે માંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

3. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક(૫) આગળના તા.૦૧/૦૪/૨૦૧૫ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ અન્ય શરતો યથાવત રહેશે.

૪. આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક:33 ના હિસાબના મુખ્ય સદર ૨૦૫૨- સચિવાલય સામાન્ય સેવાઓ, ૦૯૦-સચિવાલય (૫) બિન નિવાસી ભારતીયોના વિગતવાર સદર ૩૧૩૫-સહાયક અનુદાન અન્યને" હેઠળ ઉધારવાનો અને તે હેઠળ કરેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૪-૦૬-૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.પી. લવિંગીયા)
અધિક સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)

૨. માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩.માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

૬. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

૭. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

૮. નાણા સલાહકારશ્રી(સામાન્ય વહીવટ વિભાગ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૯. નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, બ્લોક નં. ૧૬/૩, ઉધોગ ભવન, ગાંધીનગર (સર્વે ગુજરાતી સમાજ સંસ્થાઓને જાણ કરવાની વિનંતી સહ)

૧૦. સચિવાલયના સર્વે વિભાગો.

૧૧. સિલેકટ ફાઈલ.